કોરોનાનો આતંક યથાવત : નવા ૮૯૨૦ કેસ

રાજ્યમાં ૨૪ કલાકમાં ૯૪ વ્યક્તિના મોત : અત્યાર સુધીમાં કુલ ૩૨૯૭૮૧ લોકો સાજા થતા ડિસ્ચાર્જ કરાયા હતા : ૨૪ કલાકમાં અમદાવાદમાં ૨૮૯૮ કેસ

ગાંધીનગર,તા.૧૬

રાજ્યમાં કોરોના મહામારીએ હાહાકાર મચાવ્યો છે. કોરોનાની બીજી લહેર પહેલા કરતા વધારે ભયાનક હોય તે પ્રકારે રોજેરોજ આંકઓ પોતાનો જ બનાવેલો રેકોર્ડ તોડી રહ્યા છે. રાજ્યમાં છેલ્લા ૨૪ કલાકમાં ૮ હજારથી વધુ કોરોનાના કેસો નોંધાયા છે. તો બીજી તરફ મોતનો આંકડો પણ તમામ રેકોર્ડ તોડી રહ્યો છે. ત્યારે ચાર મહાનગરોમાં જાણે કે કોરોનાનો રાફડો ફાટ્યો હોય એમ કેસ મોટો ઉછાળો જોવા મળી રહ્યો છે. ગુજરાતમાં આજે રેકોર્ડબ્રેક કોરોના કેસ નોંધાતા તંત્ર દોડતું થયું છે. સતત રસીકરણ છતાં કોઈ પણ પ્રકારે રાજ્યમાં કોરોના કાબુમાં નથી આવી રહ્યો. રાજ્યમાં છેલ્લા ૨૪ કલાકમાં ૮,૯૨૦ નવા કોરોના કેસ નોંધાયા છે. તો બીજી તરફ માત્ર ૩,૩૮૭ લોકો કોરોનાને મ્હાત આપીને સાજા પણ થયા છે. અત્યાર સુધીમાં કુલ ૩,૨૯,૭૮૧ દર્દીઓ કોરોનાને મ્હાત આપી ચુક્યા છે. જો કે, રાજ્યનો રિકવરી રેટ આજે પણ ઘટ્યો હતો અને ૮૫.૭૩ ટકાએ પહોંચ્યો હતો.

અત્યાર સુધીમાં ૮૭,૧૧,૦૮૫ વ્યક્તિઓનું પ્રથમ ડોઝનું અને ૧૩,૦૨,૭૯૬ વ્યક્તિઓનું બીજા ડોઝની રસી અપાઈ ચુકી છે. આ પ્રકારે કુલ ૧,૦૦,૧૩,૮૮૧ રસીકરણના ડોઝ આપવામાં આવ્યા. આજે ૬૦ વર્ષથી વધારે વયના તેમજ ૪૫-૬૦ વર્ષનાં કુલ ૭૪,૧૦૦ વ્યક્તિઓનું પ્રથમ ડોઝ અને ૪૭,૫૭૧ વ્યક્તિઓનું બીજા ડોઝનું રસીકરણ કરાયું છે. અત્યાર સુધીમાં રાજ્યમાં એક પણ વ્યક્તિને આ રસીની કોઈ ગંભીર આડઅસર જોવા મળી નથી. રાજ્યમાં એક્ટિવ કેસની વાત કરીએ તો કુલ ૪૯,૭૩૭ એક્ટિવ દર્દી છે, જે પૈકી ૨૮૩ લોકો વેન્ટિલેટર પર છે અને ૪૯,૪૫૪ લોકો સ્ટેબલ છે.

૩,૨૯,૭૮૧ લોકોને ડિસ્ચાર્જ અપાઈ ચુક્યું છે. ૫,૧૭૦ લોકોનાં મોત નિપજ્યાં છે. આજે રાજ્યમાં કોરોનાને કારણે અમદાવાદ કોર્પોરેશનમાં ૨૫, સુરત કોર્પોરેશનમાં ૨૪, રાજકોટ કોર્પોરેશનમાં ૮, વડોદરા કોર્પોરેશનમાં ૮, રાજકોટમાં ૫, મોરબીમાં ૪, સુરેન્દ્રનગરમાં ૩, ડાંગમાં ૨, જામગનર કોર્પોરેશનમાં ૨, જામનગરમાં ૨, સાબરકાંઠામાં ૨, સુરતમાં ૨, અમદાવાદમાં ૧, દેવભૂમિ દ્વારકામાં ૧, મહિસાગરમાં ૧, મહેસાણામાં ૧, પંચમહાલમાં ૧, વડોદરામાં ૧ અને વલસાડમાં ૧ દર્દી સાથે કુલ ૯૪ લોકોનાં મોત નિપજ્યાં છે.

કોરોના વકર્યો : ઉત્તર ગુજરાતમાં ૧૧.૬૬ લાખ લોકોનું કોરોના ટેસ્ટીંગ, લોક જાગૃતતા જરૂરી

લોકડાઉન કરવાથી કોરોના ઉપર અંકુશ મેળવવો અશક્ય, નવો સ્ટ્રેન વધુ જોખમી

બાયડ (બ્યુરો ઓફિસ) તા.૧૬

ગુજરાતમાં કોરોનાની બીજી લહેર હાહાકાર મચાવી રહી છે. ઓક્સિજન, જરૂરી ઈન્જેક્શન અને બેડ ખૂટી ગયા છે. દર્દીઓમાં દરરોજ વધારો થઈ રહ્યો છે. ઉત્તર ગુજરાતમાં અત્યાર સુધીમાં ૧૧,૬૬,૭૯૭ લોકોનું કોરોના ટેસ્ટીંગ થયું છે. કોરોનાનું સંક્રમણ વધતાં વેપારીઓ, પ્રશાસન અને સ્વયં પ્રજા લૉકડાઉનની તરફદારી કરી રહી છે પરંતુ કડવી વાસ્તવિકતા એ છે કે ગમે તેટલા લૉકડાઉન અમલી બનાવ્યા પછી પણ અંકુશ મેળવવો અશ્ય છે આ માટે પ્રજામાં લોકજાગૃતતા જરૂરી છે.

તમામ તજજ્ઞો, ડૉક્ટરો જણાવી રહ્યા છે કે કોરોના વાયરસનો નવો સ્ટ્રેન વધુ જોખમી છે. અગાઉ પ્રથમ લહેરમાં કોરોનાના દર્દીને સાજા થવામાં ૨ થી ૭ દિવસનો સમય થતો હતો અત્યારે મોટાભાગના દર્દીઓને એક સપ્તાહથી પખવાડીયાનો સમય પસાર થઈ જાય છે છતાં તબિયતમાં સુધારો આવતો નથી. નવો વાયરસ દર્દીને ૩ અઠવાડીયાથી માંડી બે મહિના સુધી પથારીમાં રહેવા માટે મજબૂર કરી દે છે. નવા સ્ટ્રેનમાં દર્દીમાં ઓક્સિજનનું લેવલ અનેક ગણું ઘટી જાય છે અને તેના કારણે જ રાજ્ય સહિત ઉત્તર ગુજરાતમાં ઓક્સિજનની અછત સામે આવી છે. સાબરકાંઠા, અરવલ્લી, બનાસકાંઠા, પાટણ અને મહેસાણા જિલ્લામાં કોરોના વેક્સિનેશન ઝુંબેશ શરૂ થઈ છે. દર્દીઓની સંખ્યા વધવાની સાથે મૃત્યુ દર વધતાં હવે જાગ્રત બનેલી પ્રજા પોતાનો જીવ બચાવવા વેક્સિનેશન લઈ રહી છે જે સારી બાબત છે. પરંતુ સાથે સાથે પ્રજાએ લોક જાગૃતતા દાખવવી પડશે એક રીતે ડહાપણ ભર્યા નિર્ણય લઈ શુભ પ્રસંગો, બેસણા સહિત પ્રસંગોમાં અનિવાર્ય હોય તો જ જવું અન્યથા હાજરી આપવાની ટાળવી પડશે. ઉત્તર ગુજરાતમાં પાછલા ૨૦ દિવસના જ કોરોના પોઝિટિવ આંકડા અત્યંત ચોંકાવનારા છે. મૃત્યુ દરના સાચા આંકડા બહાર આવશે કે કેમ..?? તે કહેવું અત્યારે મુશ્કેલ છે પરંતુ હવે ઉત્તર ગુજરાતની પ્રજાએ પણ સમજી લેવું પડશે કે કોરોનાનો નવો સ્ટ્રેન બાળકો, યુવાનો, વૃદ્ધો અને અન્યો માટે અત્યંત જોખમી છે. એક વખત માટે દર્દીને સારી સારવાર મળી જશે તો બચી જશે પરંતુ આર્થિક રીતે પાયમાલ થવાની શક્યતા વધી છે કારણ કે આવા દર્દીને દિવસો..ના..દિવસો સુધી હોસ્પિટલમાં સારવાર આપ્યા પછી જ તે સાજો થઈ ઘરે આવશે. તજજ્ઞ તબીબે જણાવ્યું કે નવા સ્ટ્રેનમાં દેખાયેલો કોરોના દર્દીના શરીરમાં ૩ મહિના સુધી એક્ટીવ રહી શકે છે.

ઉત્તર ગુજરાતમાં કોવિડ ટેસ્ટીંગ..

જિલ્લો	કોવિડ ટેસ્ટીંગ સંખ્યા
સાબરકાંઠા	૨,૩૨,૦૯૯
પાટણ	૨,૦૮,૦૪૯
મહેસાણા	૨,૯૨,૪૩૫
અરવલ્લી	૧,૬૫,૩૭૩
બનાસકાંઠા	૨,૬૮,૮૫૩

ઈન્ડિયન રેલવેના ૧૬૮માં સ્થાપના દિવસ પ્રસંગે રેલવે સ્ટેશન પર પ્રથમ ચાલુ કરેલી ટ્રેનનું એન્જિન અને કોરોનાના કારણે ટ્રાવેલ કરી રહેલા પ્રવાસીઓના લગેજને સેનેટાઈઝ કરવા માટેની વ્યવસ્થા કરાઈ હતી.

કોરોના સામે સાવધાની : ઉંટરડા ગ્રામ પંચાયત વિસ્તારમાં આંશિક લૉકડાઉન

માસ્ક વગર ફરતા વ્યક્તિ પાસે ૨૦૦નો દંડ વસુલાશે, ઠંડા પીણાના વેચાણ ઉપર પ્રતિબંધ

બાયડ તા.૧૬

બાયડ તાલુકાની ઉંટરડા ગ્રામ પંચાયતે કોરોના સામે સાવધાનીનો સંદેશો આપ્યો છે. સવારે ૬-૦૦ થી બપોરે ૧૨-૦૦ સુધી ઉંટરડા ગ્રામ પંચાયત તાબાના નવાઉંટરડા, જૂનાઉંટરડાના બજાર ખુલ્લાં રહેશે. બહારના ફેરીયા કે અન્ય વ્યક્તિઓના પ્રવેશ ઉપર પ્રતિબંધ લાદવામાં આવ્યો છે. ગામમાં માસ્ક વગર ફરતા વ્યક્તિ પાસેથી રૂા.૨૦૦નો દંડ વસુલવામાં આવશે અને આંશિક લૉકડાઉન સમય પછી દુકાન ખોલનાર વેપારી પાસેથી રૂા.૧૦૦૦નો દંડ વસુલવાની જોગવાઈ કરાઈ છે.

શહેરની સાથે ગ્રામ્ય વિસ્તારોમાં કોરોનાનું સંક્રમણ બેકાબુ બન્યું છે. થોડાક સમય અગાઉ જ કોરોનાના કારણે જૂનાઉંટરડાના નિવૃત્ત આસીસ્ટન્ટ તાલુકા વિકાસ અધિકારીનું મોત નિપજ્યું હતું ત્યાર પછી પણ ગામમાં કેટલાક શંકાસ્પદ કેસ જોવા મળ્યા હતા. સમગ્ર જિલ્લામાં સંક્રમણ બેકાબુ થયા પછી ઉંટરડા ગ્રામ પંચાયત દ્વારા હવે તકેદારી રાખવાનો નિર્ણય કરી આંશિક લૉકડાઉન તેમજ ગામનું કોઈ વ્યક્તિ અને બાળક બિમાર ન પડે તે માટે ઠંડા પીણા, શ્રીખંડ, આઈસ્ક્રીમ, ફાસ્ટફુડ, પાણીપૂરી, કેરીનો રસ વગેરે વેચાણ ઉપર પ્રતિબંધ લાદવામાં આવ્યો છે. કોરોના સંક્રમણ ઉપર સંપૂર્ણ અંકુશ ન આવે ત્યાં સુધી આંશિક લૉકડાઉન અમલી બની શકે છે.

ટીંટોઈના વેપારીને કોરોના ભરખી ગયો

મોડાસા તાલુકાના ટીંટોઈમાં કોરોના જીવલેણ બની રહ્યો છે. મોડાસાની સાર્વજનિક હોસ્પિટલના કોવિડ સેન્ટરમાં સારવાર લઈ રહેલા માંગીલાલ સોનીનું કોરોનાથી મોત નિપજતાં વેપારી આલમમાં માતમ છવાયો છે.

ભ્રષ્ટાચારનો ભાંડો ફૂટ્યો : શામળાજી નજીક ચાર સેલટેક્ષ ઈન્સ્પેક્ટર એ.સી.બી.ની ઝપેટમાં

કારમાંથી ૬.૫૧ લાખની માતબર રકમ બિનહિસાબી મળી

બાયડ (બ્યુરો ઓફીસ) તા.૧૬

અરવલ્લી જિલ્લાનું શામળાજી ખાખી વર્દી, સેલટેક્ષ ઈન્સ્પેક્ટરો માટે વર્ષોથી સોનાના ઈંડા આપતી મરઘી સમાન બની ગઈ છે. હાઈવે પર સેલટેક્ષ ચોરી અટકાવવા નિયુક્ત થયેલા ઈન્સ્પેક્ટરોએ ખિસ્સાં ભરવાનો ધંધો શરૂ કરતાં ત્રાસેલા અરજદારે એ.સી.બી.નો સંપર્ક કર્યા પછી શુક્રવારે મહેસાણા એ.સી.બી.ની ટીમે શામળાજી પાસે સેલટેક્ષ ઈન્સ્પેક્ટરોની કારમાંથી રૂા.૬.૫૧ લાખની રોકડ રકમ જપ્ત લઈ ધોરણસરની તપાસ હાથ ધરી છે. મહેસાણા એ.સી.બી.એ શામળાજી સરહદે સપાટો બોલાવતાં ભ્રષ્ટ ટોળકીઓની ઉંઘ હરામ થઈ ગઈ છે. ૪ સેલટેક્ષ ઈન્સ્પેક્ટરોના સગાઓને પણ બાતમી આપીને કોઈએ જાણકારી આપતાં અનેક કિંમતી ઝવેરાત અને રોકડ રકમ એ.સી.બી.ની ટીમો સર્ચમાં જાય તે અગાઉ સગે વગે થઈ જવાની આશંકા વ્યક્ત થઈ રહી છે.

ભ્રષ્ટાચારના ભોરીંગરૂપ બનેલી શામળાજી સરહદમાં અગાઉ આર.ટી.ઓ.નો ભ્રષ્ટાચાર અને તેમના ફોલ્ડરીયાઓના કરતૂત જગજાહેર છે. શામળાજી આર.ટી.ઓ. ચેકપોસ્ટ ઉપર ફરજ બજાવનારા અધિકારીથી માંડી સામાન્ય કારકૂન આજે કરોડોની સંપત્તિમાં આળોટવાની સાથે શામળાજી-હિંમતનગર, શાળાજી-મોડાસા હાઈવે ઉપર કરોડોની મિલ્કત ખરીદેલી છે છતાં એ.સી.બી.નો પનો ટૂંકો પડતો હતો અને હવે શામળાજી સરહદે સેલટેક્ષ ચોરી અટકાવવા માટે નિયુક્ત થતા અધિકારી અને તેમની ટોળકી સરકારની તિજોરીને ચૂનો લગાવી અનહદ ભ્રષ્ટાચાર આદરતી હોવાના આક્ષેપને સમર્થન મળ્યું છે. મહેસાણા એ.સી.બી.ની ટીમે બાતમીના આધારે સેલટેક્ષ ઈન્સ્પેક્ટરોની કારમાંથી માતબર રોકડ રકમ જપ્ત લઈ આટલી મોટી રકમ ક્યાંથી આવી તેની વિગતો મેળવી માંડેથી આયકર વિભાગને જાણ કરશે તેમ જાણવા મળ્યું છે. એ.સી.બી.એ ઓફીસીયલી રીતે કોઈ વિગતો હજુ સુધી જાહેર કરી નથી.

કયા રાજ્ય વેરા નિરીક્ષક એ.સી.બી.ના સકંજામાં..

મહેન્દ્રકુમાર મંજીભાઈ પ્રજાપતિ
વિશ્વાનંદ કેશવદાસ જાદવ
હાર્દિક દિલીપભાઈ લાંબા
રોહીતકુમાર ગુણવંતલાલ ત્રિવેદી

કોરોના કોર્નર

- કર્ણાટકના મુખ્યમંત્રી યદિયુરપ્પા બીજીવાર કોરોના પોઝીટીવ.
- ખોખરા બોર્ડના પૂર્વ મ્યુનિસપલ કોર્પોરેટર સ્મિતાબેન નાયકનું યુવાન વયે મૃત્યુ.
- ઉત્તરપ્રદેશમાં સમગ્ર રાજ્યમાં રવિવારે લોકડાઉન જાહેર કરાયું.
- કુંભ નગરીના અખાડામાં ૫૦ સાધુ-સંતો કોરોનાથી સંક્રમિત.
- માઉન્ટઆબુમાં આજથી સોમવારે સાંજે ૬.૦૦ વાગ્યા સુધી લોકડાઉન.
- અમદાવાદ સિવિલ હોસ્પિટલમાં દર કલાકે ૧૫ ક્રિટિકલ દર્દીઓ દાખલ થઈ રહ્યા છે.
- દાહોદ જિલ્લાના ઈન્ચાર્જ આરોગ્ય અધિકારી ફરીવાર કોરોનાથી સંક્રમિત.
- કોંગ્રેસના નેતા રણદિપ સુરજેવાલા કોરોનાથી સંક્રમિત.
- વડગામના ધારાસભ્ય જીગ્નેશ મેવાણીને કોરોના પોઝીટીવ હોમ આઈસોલેશન.
- ખોડલધામના ચેરમેન નરેશ પટેલે એમની કંપનીમાં એક સપ્તાહ માટે સ્વૈચ્છિક લોકડાઉન જાહેર કર્યુ.
- દેશમાં એક્ટિવ કેસની સંખ્યા સાડા પંદર લાખને પાર.
- અમદાવાદ આરટીઓ કચેરીમાં એક સાથે ૩૦ કર્મચારીઓ પોઝીટીવ આવતા કચેરી એક સપ્તાહ માટે બંધ.
- સુરતમાં ૨૮૬ બાળકો કોરોનાથી સંક્રમિત.
- સીબીઆઈના ભૂતપુર્વ ડાયરેક્ટર રણજીત સિંહાનું કોરોનાથી નિધન.
- ભારત સરકાર ૫૦ હજાર મેટ્રીક ટન ઓક્સિજનની આયાત કરી અછત દૂર કરશે.
- વિશ્વના ટોપ ૨૦ કોરોના સંક્રમિત શહેરોમાં ભારતના ૧૫ શહેરોનો સમાવેશ.
- કુંભમેળામાં ૨૫૦૦ થી વધારે ભાવિકો સંક્રમિત થતાં કેટલાય અખાડાઓએ કુંભમેળાની સમાપ્તિ જાહેર કરી.
- કેન્દ્રીય મંત્રી પ્રકાશ જાવડેકર કોરોનાથી સંક્રમિત થયા.
- આર.એસ.એસ.ના વડા મોહન ભાગવત સ્વસ્થ થતાં હોસ્પિટલમાંથી રજા અપાઈ.
- અમદાવાદ રેમડેસિવિરના કાળા બજાર કરતાં ૩૫ ઈન્જેક્શન સાથે બે શખ્સ પકડાયા.
- છત્તીસગઢમાં વીક-એન્ડ કરફ્યુ લદાયો.
- અમદાવાદમાં તમામ આધારકાર્ડ કેન્દ્રો બંધ કરાયા.
- સુરત ટેક્ષટાઈલ માર્કેટ બંધ રહેશે.
- મહેસાણામાં ચાર વેચાણવેરા અધિકારી કોરોનાથી સંક્રમિત.
- દૈનિક ઓક્સિજન વપરાશ ૭૬૦ મેટ્રીક ટને પહોંચ્યો.

અમદાવાદ RTO કચેરીના ૨૫ કર્મચારી કોરોના સંક્રમિત

અમદાવાદ,તા.૧૬

અમદાવાદ શહેરમાં કોરોનાનો કહેર યથાવત રહ્યો છે. રોજના હજારોની સંખ્યામાં કોરોના પોઝિટિવ કેસ નોંધાઈ રહ્યા છે. એવામાં અમદાવાદ સુભાષ બ્રિજ આરટીઓ કચેરીમાં ૨૫થી વધુ કર્મચારીઓ કોરોના પોઝિટિવ આવ્યા છે. જેમાં ઈન્સ્પેક્ટર, આસિસ્ટન્ટ ઈન્સ્પેક્ટર, ક્લર્ક સહિતના કર્મચારીઓ કોરોનાની ઝપેટમાં આવ્યા છે. આરટીઓ કચેરી ખાતે દરરોજ મોટી સંખ્યામાં અરજદારો આવે છે, આથી જ સંક્રમણ ફેલાવવાનો ડર સતાવી રહ્યો છે. સતત સંક્રમણ વધી રહ્યું હોવાથી આરટીઓ તરફથી અરજદારો ઓનલાઈન પ્રક્રિયા કરે તેવી અપીલ કરવામાં આવી છે. અમદાવાદ આરટીઓ બી વી લિબાસિયાએ વાત કરતા જણાવ્યું છે કે, આરટીઓ કચેરીમાં ૨૫ કર્મચારીઓ કોરોના સંક્રમિત થયા છે. તમામ કર્મચારીની તબિયત સારી છે. હાલ આરટીઓ કચેરી મુલાકાતીઓ માટે બંધ કરી છે. ભીડ ન થાય તે માટે ફક્ત અપોઈન્ટમેન્ટ લઈને આવતા લોકોને પ્રવેશ અપાય છે. જે પણ લોકો આરટીઓ આવે છે તેઓ પણ માસ્ક પહેરીને આવે અને સોશિયલ ડિસ્ટન્સિંગ જાળવી રાખે. ઉલ્લેખનીય છે કે અમદાવાદ આરટીઓ કચેરીમાં લાઈસન્સ અને વાહનને લગતી કામગીરી માટે મોટી સંખ્યામાં અરજદારો આવે છે. આ તમામ લોકોને આરોટીઓ તરફથી હવે ઓનલાઈન કામ પતાવવાની અપીલ કરવામાં આવી છે. આરટીઓની વેબસાઈટ પરથી અનેક કામ માટે ઓનલાઈન પ્રક્રિયા કરી શકાય છે.

જોકે, અમુક કામ માટે ઓનલાઈન પ્રક્રિયા પૂર્ણ કર્યા પછી પણ આરટીઓ કચેરીએ જવું પડે છે. જેના પગલે આરટીઓ કચેરી ખાતે અરજદારોની ભીડ થાય છે. રાજ્યના મુખ્યમંત્રી વિજય રૂપાણી જણાવ્યું હતું કે, મેં પહેલા પણ જણાવ્યું છે કે, આપણે ગુજરાતમાં લૉકડાઉન નથી કરવાના. કારણ કે લૉકડાઉનની અત્યારે કોઈ જરૂર નથી. લૉકડાઉન કોરોનાનું કોઈ સમાધાન પણ નથી. અમે રાત્રિ કર્ફ્યૂ કર્યો એટલે ૨૪ કલાકમાંથી ૧૦ કલાક લૉકડાઉન જ છે. અમે શૈક્ષણિક સંસ્થાઓ પણ બંધ કરી છે. ઓફિસમાં ૫૦ ટકા સ્ટાફ, જીમ, મોલ, થિયેટર બંધ છે. છેલ્લે જ્યારે લૉકડાઉન થયું હતું ત્યારે આખા દેશમાં થયું હતું.

સરકાર કોરોનાના સાચા આંકડા જાહેર કરે : હાઈકોર્ટ

સરકારના અધિકારી, નેતા રોજ પ્રજાને કોરોનાની સ્થિતિ વિશે સાચી માહિતી જણાવે, પોતે સેવક છે તે પ્રકારે વર્તન કરે

અમદાવાદ, તા. ૧૬

ગુજરાતમાં કોરોનાના કેસ સતત વધી રહ્યા છે. તો બીજી તરફ ગુજરાત સરકારને જાણે કોઈ પડી જ ન હોય તે પ્રકારે સાવ નિષ્ક્રિય બની ગઈ છે. હોસ્પિટલોમાં જગ્યા નથી, કોઈ જગ્યાએ વેન્ટિલેટર ઉપલબ્ધ નથી, કોઈ પણ જગ્યાએ ઓક્સિજન કે યોગ્ય વ્યવસ્થા પણ ઉપલબ્ધ નથી.

સરકાર સબ સલામત હોવાનો દાવો કરી રહી છે. મૃત્યુઆંક અને પોઝિટિવ આવનારાઓની સંખ્યામાં ઢાંકપીછોડા કરી રહી છે. જો કે લોકોમાં હવે ધીરે ધીરે જાગૃતિ આવી રહી છે. સરકારની નિષ્ફળતાઓ અંગે લોકોમાં રોષ અને આક્રોષ પણ જોવા મળી રહ્યો છે.

આ આક્રોષને જાણે હાઈકોર્ટ વાચા આપતી હોય તે પ્રકારે સરકારની ઝાટકણી કાઢે છે. હાઈકોર્ટ દ્વારા આજે સરકારની ઝાટકણી કાઢતા જણાવ્યું કે, સરકાર સાચા અને પારદર્શી આંકડા જાહેર કરે. લોકોમાં સરકાર ધીરે ધીરે પોતાની વિશ્વસનીયતા ગુમાવી રહી છે. લોકોમાં વિશ્વાસ સંપાદિત થાય તે રીતે પારદર્શિતાથી સરકાર આંકડા જાહેર કરે તે ખુબ જ જરૂરી બન્યું છે. સરકારના જવાબદાર અધિકારી કે નેતા રોજ પ્રજાને કોરોનાની સ્થિતિ વિશે સાચી માહિતી જણાવે. પોતે લોકોનાં સેવક છે તે પ્રકારે વર્તન કરે. તેઓ મહારાજા હોય તે પ્રકારે આવી સ્થિતીમાં પણ લોકોને તોછડા જવાબો આપી રહ્યા છે.

હોસ્પિટલમાં બેડની ઉપલબ્ધિ બાબતે રિયલ ટાઈમ સાચી માહિતી મળી રહે તેવુ વેબ પોર્ટલ રાજ્ય સરકાર બનાવે તે ખુબ જ જરૂરી છે. તત્કાલ સરકાર આ અંગેનું પોર્ટલ બનાવે. રાજ્ય સરકારના અંકુશમાં આ પોર્ટલ પર માહિતી ઉપલબ્ધ કરાવવામાં આવે તે ખુબ જ જરૂરી છે. ઓક્સિજન અને રેમ્ડેસિવિરનો પર્યાપ્ત જથ્થો ઉપલબ્ધ થાય એ માટે પગલા લેવા કોર્ટનો સરકારને આદેશ આપ્યો છે. ૧૯ એપ્રિલ સુધીમાં આ વ્યવસ્થા સુનિશ્ચિત કરી કોર્ટનો સોગંધનામા પર જણાવવા કોર્ટે હુકમ કર્યો છે. ૨૦ એપ્રિલે વધારે સુનાવણી હાથ ધરવામાં આવશે.

વાદળોની હાજરી સાથે શહેરમાં તાપમાન ઘટતાં રાહત અનુભવાઈ

ગાંધીનગર, તા. ૧૬

છેલ્લા બે-ત્રણ દિવસથી શહેરમાં અચાનક વાતાવરણમાં પરિવર્તન અનુભવાઈ રહ્યું છે અને શહેરના આકાશમાં વાદળોની હાજરી સાથે ગરમીનો પારો થોડો નીચે ઉતરવા પામ્યો છે. આજે શહેરનું મહત્તમ તાપમાન ૩૯ ડિગ્રી સે. જ્યારે લઘુત્તમ તાપમાન ૨૪ ડિગ્રી સે. નોંધાયુ હતુ. શહેરમાં સવારે ભેજનું પ્રમાણ જે ૭૫ ટકા હતુ તે સાંજ સુધીમાં ઘટીને ૨૮ ટકા થવા પામ્યું હતું.

ગાંધીનગરના આકાશમાં આજે દિવસનો મોટા ભાગનો સમય વાદળછાયુ વાતાવરણ જોવા મળ્યું હતુ. જેના કારણે શહેરીજનોને ગરમીમાં રાહત અનુભવાઈ હતી. જો કે ગઈકાલથી આ પ્રકારની સ્થિતિ શહેરમાં અનુભવાઈ રહી છે અને ગઈકાલે તો શહેરના કેટલાંક વિસ્તારમાં એકાદ બે વાર વાદળોની ગડગડાટી સંભળાઈ હોવાના અહેવાલ પણ પ્રાપ્ત થયાં હતા. જો કે સતત વધતા જઈ રહેલા ઉનાળાના આકરાં તાપમાંથી વાદળોની હાજરીને લીધે ગરમી ઘટવાની સ્થિતિ સર્જાતા નાગરિકોને રાહત અનુભવાઈ હતી અને ફરી એકવાર તાપમાનનો પારો ૪૦ ડિગ્રી સે. થી નીચે આવી ગયો હતો.

છેલ્લા પાનાનું ચાલુ ● સાયકોલોજીકલ ડેથ

ભેટે તેવી ઘટનાઓ વધી રહી છે. આ દર્દીઓનું કોરોના સંક્રમણ નિયંત્રણમાં આવી ગયુ હોય છતાં પોતાની આસપાસ સારવાર લઈ રહેલા અન્ય દર્દીઓ પૈકી કોઈનું મૃત્યુ નિહાળીને કે તેની વણસેલી સ્થિતિ નિહાળીને પોતે માનસિક રીતે નકારાત્મક વિચારના ભોગ બની ''સાયકોલોજીકલ ડેથ''નો શિકાર બની રહ્યાં છે. પ્રાપ્ત માહિતી અનુસાર શહેરમાં કોવિડ પોઝિટીવ મૃતકોમાં આવા સાયકોલોજીકલ ડેથ પામેલા મૃતકોની સંખ્યા નોંધપાત્ર હોવાનું જાણવા મળ્યું છે. જેમના સગા-સંબંધીઓને તબીબો દ્વારા દર્દી જોમખ મુક્ત છે અથવા સારી સ્થિતિમાં છે કે ટૂંકમાં રજા આપી દઈશું જેવું જણાવ્યુ હોય તેમ છતાં તેની અચાનક તબિયત લથડે અને મૃત્યુ પામે. આ સ્થિતિમાં મૃતકના સગા-સંબંધીને હોસ્પિટલ સ્ટાફ કે તબીબો તરફ શંકા પેદા થાય છે અને ક્યારેક વાત શાબ્દિક ટપાટપીથી ઘર્ષણ સુધી પહોંચી જાય છે. આ પ્રકારના સાયકોલોજીકલ ડેથને નિવારવા દર્દીઓને સાયકોલોજીસ્ટની સેવા આપવી, તેમનું સકારાત્મક કાઉન્સલિંગ કરી શકાય અને નકારાત્મક સમાચારો કે વિચારોથી દૂર રાખી શકાય તેવી વ્યવસ્થા ગોઠવાય તે જરૂરી જણાઈ રહ્યું છે.

છેલ્લા પાનાનું ચાલુ ● ઝાયડસ

ઈન્ડિયાનો સંપર્ક કરીને વેક્સિન લોંચ કરવાની મંજૂરી મેળવવામાં આવશે. કોવિડની સારવાર માટે ઝાયડસ કેડિલાએ દવાઓનો મજબૂત પોર્ટફોલિયો બનાવ્યો છે. આ કંપનીએ રેમડેસિવિરનું સૌથી સસ્તુ જેનેરિક વર્ઝન લોંચ કર્યું છે. કહેવાય છે કે ઝાયડસની નવી વેક્સિન દુખાવા વિના આપી શકાશે અને તેને ફ્રીઝમાં બે થી આઠ ડીગ્રી તાપમાનમાં સાચવી શકાશે. આ વેક્સિનના ત્રણ ડોઝ ૫૬ દિવસમાં આપવામાં આવશે.

છેલ્લા પાનાનું ચાલુ ● કોરોના અનિયંત્રિત

બાળક પણ સંક્રમિત થયેલુ જણાયુ છે. ગાંધીનગર તાલુકામાં બાળકો વધુ સંક્રમિત થઈ રહ્યા હોવાથી તંત્રની ચિંતા વધી છે.

કલોલમાં આજે ૧૭ કેસ નોંધાયા છે. કલોલ અર્બન તેમજ ગ્રામ્ય વિસ્તારમાં કેસોની સંખ્યાને લઈ જે ઉછાળો આવ્યો છે તેણે તંત્રની ચિંતા વધારી છે. તંત્રએ કલોલ અર્બન તેમજ ગ્રામ્ય વિસ્તારમાં સઘન સર્વેલન્સ કરવા તેમજ સોશ્યલ ડિસ્ટન્સીંગના પાલન માટેની સૂચનાઓ જારી કરી છે.

કલોલ તાલુકામાં આજે નોંધાયેલા કેસોમાં ૬ કેસ કલોલ અર્બનમાંથી મળી આવ્યા છે. જેમાં અર્બન-૧ વિસ્તારમાંથી બે કેસ અને અર્બન-૨ વિસ્તારમાંથી ૪ કેસ મળી આવ્યા છે. આ ઉપરાંત બોરીસણા ગામેથી બે કેસ, બાલવા ગામેથી ૪ કેસ મળી આવેલ છે. પલસાણા, અલુવા, મુબારકપુર, પ્રતાપપુરા અને શોભાસણ ગામેથી એક-એક કેસ મળી આવેલ છે. પ્રતાપપુરા ગામેથી ૪ વર્ષની બાળકી સંક્રમિત થયેલી મળી આવી હોવાથી તંત્રની ચિંતા વધી છે. બાળકીને હોમ આઈસોલેટ કરવામાં આવી છે.

માણસા તાલુકામાં આજે જે કેસ નોંધાયા છે તેમાં ૪ કેસ માણસા અર્બન વિસ્તારમાંથી મળી આવ્યા છે. આ ઉપરાંત ઈટાદરા ગામેથી ૩ કેસ, મહુડીમાંથી બે કેસ તેમજ પુંધરા ગામેથી ૨ કેસ મળી આવેલ છે.

જિલ્લાના ગ્રામ્ય વિસ્તારમાં રિકવરી રેટ સારો હોવાનો દાવો કરતાં તંત્રના સૂત્રોએ જણાવ્યુ છે કે ગ્રામ્ય વિસ્તારમાં આજે વધુ ૭૫ દર્દીઓ રિકવર થતાં તેમને ડિસ્ચાર્જ આપવામાં આવેલ છે. આ સાથે ગ્રામ્ય વિસ્તારમાં આજ સુધીમાં ૪૯૩૧ દર્દીઓ કોરોનામુક્ત થયા છે.

જિલ્લામાં આજે ૨૭૬ દર્દીઓ એક્ટીવ કેસ તરીકે સારવાર હેઠળ છે અને ગ્રામ્ય વિસ્તારમાં ૭૮૬૬ લોકોને હોમ ક્વોરોન્ટાઈન હેઠળ રાખવામાં આવેલ છે. ગાંધીનગર શહેરમાં પણ કોરોનાનું સંક્રમણ જે ગતિએ વધી રહ્યુ છે તેનાથી તંત્ર સ્તબ્ધ છે. આજે શહેરમાં વધુ ૬૭ કેસ નોંધાયા છે. કેસો વધતાં તંત્રની દોડધામ વધી જવા પામી છે.

શહેરમાં કેસોની સંખ્યા જે ગતિએ વધી રહી છે અને અગાઉની લહેરમાં હોટ સ્પોટ બનેલા વિસ્તારોમાંથી કેસો મળી રહ્યા છે તેણે તંત્રની ચિંતા વધારી છે. તંત્રની દોડધામ પણ વધી જવા પામી છે.

શહેરમાં આજે સંક્રમિત થનારાઓમાં સહકારી બેંક મંડાલીના મેનેજર, સીસ્ટર ઈન્ચાર્જ, અમદાવાદના અધ્યાપક, મહિલા સેવા સંઘના કર્મચારી, આસિ. મેનેજર, શિક્ષક, સચિવાલયનો કર્મયોગી, નાયબ સેક્શન અધિકારી, અધિકારી, સરકારી શાળાનો શિક્ષક, એફ.એસ.એલ.નો સેવક, ઓફિસર, સ્ટેનોગ્રાફર, જુનિ. ક્લાર્ક, પોલીસ, લીમ્બોદરાનો બેંક કર્મચારી, કોન્ટ્રાક્ટર, એલ.આઈ.સી.નો કર્મયોગી, ખાનગી કંપનીનો સ્ટોર કીપર, ફોટોગ્રાફર સંક્રમિત થયેલ છે. શહેરમાં આજે સે. ૩ માંથી ૧૦ કેસ, સે. ૧૪ માંથી ૮ કેસ, સે. ૨૯ અને સે. ૨૬ માંથી ૭-૭ કેસ, સે. ૨૨ માંથી ૫ કેસ, સે. ૫ માંથી ૪ કેસ, સે. ૧૩, ૨૭ અને સે. ૪ માંથી ૩-૩ કેસ, સે. ૩